Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

101

# 'ઘર ફૂટે ઘર જાય' હાસ્યલઘુનવલમાં સમાજિક નિસ્બત

**Popat Bhavisha Bharatbhai**

Phd Scholar

Bhaktkavi Narshinh Maheta University, Junagadh

**Abstract:**

સાહિત્ય અને સમાજ વચ્ચે અવિનભાવી સંબંધ રહેલો છે. સાહિત્ય એ જીવતા જીવનનું પ્રતિબિંબ કહી શકાય. કોઈપણ સમયનું સાહિત્ય જે તે સમયના સમાજનું પ્રતિબિંબ ઝીલે છે. સર્જક પણ સમાજનું જ એક અંગ હોવાથી સર્જક પોતાના સમાજજીવનના અનુભવોને શબ્દો વડે શણગારી સમાજ સમક્ષ મૂકે છે. સમાજમાંથી મેળવેલું સમાજને પાછું આપે છે. સર્જક જગદીશ ત્રિવેદીની આવી જ એક સામાજિક નિસ્બતવાળી હાસ્ય લઘુનવલને સામાજીકતાની દ્રષ્ટિએ તપાસવાનો અહી ઉપક્રમ છે.

ગુજરાતી સાહિત્યમાં વિવિધ સાહિત્યસ્વરૂપોમાં વિષય અને સ્વરૂપની દ્રષ્ટિએ નવલકથા ખૂબ જ અગત્યનો સાહિત્ય પ્રકાર છે. કારણકે વાચક માટે વિવિધ સ્તરે તેનું આકર્ષણ હમેંશા વધતું રહ્યું છે. તેથી આ સાહિત્ય પ્રકાર ઘણો લોકપ્રિય બન્યો છે. કદ અને પરિમાણની દ્રષ્ટિએ નવલકથાનાં ચાર પ્રકારો પડે છે: (1) મહાનવલ, (2) લઘુનવલ, (3) નવલકથા અને (4) બૃહદનવલ. અહી આપણે જગદીશ ત્રિવેદીની હાસ્ય લઘુનવલનો અભ્યાસ કરીશું.

જ્યારે કોઈ ઘટના બનાવ કે વાતને લંબાણપૂર્વક, ટૂંકીવાર્તા કરતાં જરા વધારે વ્યાપ સાથે રસપ્રચુરતા સાથે રજૂ કરવામાં આવે તો તે લઘુનવલ બને છે. અહીં જગદીશ ત્રિવેદીની 'ઘર ફૂટે ઘર જાય' હાસ્ય લઘુનવલનો સામાજિક નિસ્બતની દ્રષ્ટિએ અભ્યાસ કરીએ.

હાસ્ય લઘુનવલને અનુરૂપ હાસ્યરસિક આકર્ષક રંગીન ચિત્રનું પાકા પુઠાનું આ પુસ્તક જગદીશ ત્રિવેદીની પ્રથમ હાસ્ય લઘુનવલ છે. આ હાસ્ય લઘુનવલ પ્રવીણ પ્રકાશન પ્રા.લિ. રાજકોટ દ્વારા વર્ષ ૨૦૦૮માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવી છે. જેની પૃષ્ઠ સંખ્યા ૧૪૪ છે.

આ હાસ્ય લઘુનવલ સર્જકે પોતાના પ્રેમાળ નાનાજી સ્વ. દેવશંકર મહેતાને અર્પણ કરતા લખે છે: "મોસાળમાં વીતેલા તોફાની બાળપણમાં મેં આપને ખૂબ કનડ્યા છે, મેં અનેકવાર તમારા લેખનકાર્યમાં ખલેલ પહોંચાડી છે, ઘણીવાર તો તમારે લખતાં-લખતાં હાથમાંથી લેખણ છોડીને લાકડી પકડી મારી પાછળ ઘરની બહાર દોડવું પડે એટલી હદ સુધી મેં ગાંડા કાઢ્યા છે. તમને આજીવન ચિંતા હતી કે મારી ડાહી દીકરીનો તોફાની દીકરો મોટો થઈને શું કરશે? બાપુજી, મારી લખેલી પ્રથમ નવલકથા આજે સજલ નયને આપના સ્મરણોમાં અર્પણ..."

ગુજરાતી ભાષા સાહિત્યમાં હાસ્ય નવલકથા લખવાની શરૂઆત રમણભાઈ નીલકંઠે 'ભદ્રંભદ્ર' નવલકથા દ્વારા કરી છે, ત્યારબાદ આ હાસ્ય સાહિત્ય સ્વરૂપનું સર્જન ખૂબ જ ઓછું થયું છે. આપણે ત્યાં નવલકથા કરતાં વધુ હાસ્ય સાહિત્યનું સર્જન નિબંધ અને કાવ્ય સ્વરૂપે થયું છે. વીસમી સદીના છેલ્લા દાયકામાં અને એકવીસમી સદીની શરૂઆતથી ખૂબ હાસ્યલેખન થયું છે, પરંતુ મોટાભાગનું બધુ અખબારોની લેખમાળાના સ્વરૂપે જ થયું છે. આજકાલ ટેલિવિઝન પર

હાસ્યના કાર્યક્રમો ખૂબ ચાલી રહ્યા છે. એવા આ યુગમાં જગદીશ ત્રિવેદી દ્વારા લખાયેલી 'ઘર ફૂટે ઘર જાય' લઘુનવલ ગુજરાતી હાસ્યસાહિત્યક્ષેત્રે અધ્યયન દિશામાં એક નવતર પ્રયોગ બની રહેશે.

'દિવ્ય ભાસ્કર' અખબારના વરિષ્ઠ સંપાદકશ્રી દિલીપ ગોહિલ 'હાસ્યકથા લખવાની સાહસકથા' એ શીર્ષક હેઠળની પ્રસ્તાવનામાં હાસ્ય લઘુનવલ લખવી એ કેટલું કઠીન લેખન કાર્ય છે તે જણાવતા લખે છે. "હાસ્ય નવલકથા લખવી સહેલી નથી, કારણ રમણભાઈ નીલકંઠની અમરકૃતિ 'ભદ્રંભદ્ર' પછી જયોતિન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ સાથે મળીને 'અમે બધા'નું સર્જન કર્યું. ચુનીલાલ મડિયાએ 'સધરા જેસંગનો સાળો ૧-૨' તથા 'સધરાનાં સાળાનો સાળો' એમ ત્રણ-ચાર હાસ્યનવલ લખી. પન્નાલાલે 'મરકટલાલ', તારક મહેતાએ 'સચ બોલે કુત્તા કાટે', રઘુવીર ચૌધરીની 'એકલવ્ય', 'પંચપુરાણ' તથા બે અલગ શીર્ષકવાળી બે ભાગની હાસ્યકથાઓ રચી. લાભશંકર ઠાકરની એકાદ-બે હાસ્યનવલ, રતિલાલ બોરીસાગરે 'ભદ્રંભદ્ર' ઉપરથી નર્મદા યોજના ઉપર સુંદર હાસ્યનવલ 'સંભવામિ યુગે યુગે' લખી. નિર્મિશ ઠાકરની 'ચક્રાકાર ચતુષ્કોણ' અને બે-ચાર આ સિવાયની છૂટીછવાઈ નવલકથાઓ સિવાય ગુજરાતીમાં હાસ્યનવલકથાઓ વધુ પ્રાપ્ત થતી નથી, ત્યારે ડૉ. જગદીશ ત્રિવેદીની 'ઘર ફૂટે ઘર જાય' નખશિખ સુંદર હાસ્ય લઘુનવલ છે."

ગુજરાતી ભાષામાં ગણીગાંઠી હાસ્ય નવલકથામાં 'ઘર ફૂટે ઘર જાય' હાસ્ય લઘુનવલ આશાનું કિરણ બની છે. હાસ્ય હંમેશા ચાલે છે એટલે સૌ કોઈ એમાં રજૂઆત કરવા પ્રેરાય છે. હાસ્યરસિક લખાણ લખવાના પ્રયત્નો મોટા પ્રમાણમાં થાય છે અને તે નિષ્ફળતા પણ મોટા પ્રમાણમાં મેળવે છે, એવા સંજોગોમાં હાસ્યલઘુનવલ લખવી એ સાહસ કરવા જેવું કામ છે. આ

સાહસ જગદીશ ત્રિવેદી જેવા સ્ટેજના પ્રસિદ્ધ હાસ્યકલાકાર માટે સફળ સિદ્ધ થયું છે. 'મારા તકદીરનો ફેંસલો તમારા હાથમાં' શીર્ષક હેઠળ સર્જક લખે છે: "મેં આગળ લખ્યું એમ હું મોટા ગજાનો નવલકથાકારનો દોહિત્ર ખરો પણ નવલકથા લખવી એવી કલ્પના પણ કરી નહોતી, પણ જગદીશ હિંમત હારે તો પછી જગતનું શું થાય? આ જગદીશે પેલા જગદીશને મનોમન યાદ કરીને પડકાર ઝીલી લીધો, હપ્તા લખાતા ગયા, છપાતા ગયા, અને મારા આશ્ચર્ય વચ્ચે વંચાતા પણ ગયા."

'ડીબી ગોલ્ડ' અખબારમાં બાર પ્રકરણ બાર હપ્તામાં રજુ થયેલી 'ઘર ફૂટે ઘર જાય' લઘુનવલના દરેક પ્રકરણનું અધ્યયન કરી નીચેના તારણો પર આવી શકાય.

સંપાદકશ્રી દિલીપ ગોહિલના મતાનુસાર હાસ્ય લઘુનવલ લખવી એ સાહસકથા લખવા બરાબર છે, પરંતુ સર્જક જગદીશ ત્રિવેદીને લઘુનવલ લખવાના નિયમો અને મર્યાદા બાંધી આપવામાં આવ્યા હતા. બાર પ્રકરણ, એક જ ટેબ્લોઈડ પેજ અને દરેક પ્રકરણના અંતે થ્રીલરની જેમ ઉત્સુકતા જગાડવામાં જગદીશ ત્રિવેદી સરળતાથી સફળતા મેળવી શક્યા છે.

લઘુનવલની શરૂઆત માર્મિક હાસ્ય સાથે સૌરાષ્ટ્રી બોલીમાં કર્યો છે. લઘુનવલમાં સર્જકે જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની વાતને વધુ સ્પષ્ટ રીતે રજૂ કરવા સ્વરચિત તેમજ અને કવિઓની કાવ્યપંક્તિ મૂકી ગદ્યમાં પદ્યની સુંદર રજૂઆત કરી છે. સર્જક એક પછી એક પ્રકરણ સરળતાથી પૂર્ણ કરતા ગયા. આખી લઘુનવલમાં હાસ્યની ગૂંથણી વાચકને જકડી રાખે છે. ક્યારેક હાસ્ય સાથે મિશ્રિત કરૂણરસ સહૃદય ભાવકની પાંપણો ભીંજવી જાય છે.

પ્રકરણ ૧ 'સરપ્રાઈઝ ગિફ્ટ'માં સર્જકે માતાપિતા ને સંતાનો માટે કેટલા સપનાઓ સેવ્યાં હોય છે અને સંતાનો પોતાની ખુશી અને પોતાનો જ વિચાર કરી કેવા સ્વાર્થી નિર્ણયો કરે છે તે દર્શાવ્યું છે. માતાપિતા એ પોતાના પુત્ર માટે પુત્રવધૂ પસંદ કરીને તેને સરપ્રાઈસ આપવી હતી પરંતુ પુત્રએ પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્ન કરીને માતાપિતાને સરપ્રાઇસ આપી દીધી. જેનાથી માતાપિતાના આરમાનો અને ભાવનાઓ પર પાણી ફરી વળ્યું.

પ્રકરણ બે 'ચિરાગે ભારે કરી'માં ચિરાગના પિતાજીના મિત્રની પુત્રી અને ચિરાગની બાળપણની સખી પાયલને ચિરાગના લગ્ન વિષે જાણ થાય છે જે ચિરાગને મનથી વરી ચૂકી હતી. ચિરાગના લગ્નના સમાચારથી તે સંસાર છોડી સન્યાસ તરફ પ્રયાણ કરે છે. આમ પ્રકરણ એક કરતા પ્રકરણ ૨ 'ચિરાગે ભારે કરી'નો અંત વધુ ચોટદાર બન્યો છે.

પ્રકરણ ત્રણમાં લઘુનવલમાં નવો વળાંક આવે છે. કાંતિલાલ કોટેચા પોતાના પુત્ર અને પુત્રવધૂને ઘરની જવાદારીઓનો અહેસાસ કરાવે છે અને સાચા ગૃહસ્થાશ્રમનો પાઠ ભણાવે છે. પ્રકરણ ત્રણ કરતાં પ્રકરણ ૪ 'કાંતિલાલ ઘરભંગ થયા' વધુ કરુણાંત બને છે. ચોથા પ્રકરણમાં કાંતિલાલના પત્નીનું અવસાન થાય છે અને કાંતિલાલના જીવનમાં કરૂણ અંધકાર છવાઈ જાય છે. કાંતિલાલના જીવનમાંથી પત્નીની અચાનક વિદાય કાંતિલાલના જીવનમાં એક અજીબ ખાલીપો લાવે છે. ત્યારપછી કાંતિલાલ વધુ સમય પોતાના મિત્ર સાથે જ વિતાવે છે. જેમાં સર્જકે દાંપત્યજીવનની એકલતાની વ્યથાને રજૂ કરી છે.

પ્રકરણ ૫ 'હાસ્યરસિક ઉઠમણું'માં સર્જકે સમાજના દંભી લોકો પર કટાક્ષયુક્ત હાસ્ય રેલાવ્યું છે. બેસાણા જેવા પ્રસંગે પણ લોકો કેવો વિચાર કરે છે કે, બેસાણામાં જવું ના જવું એ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

મનોમંથનમાં સમાજની દંભી મનોવૃત્તિ છત્તી કરી છે. અંત વધારે ચોટદાર બન્યો છે. પ્રકરણ છ અને સાત 'લોટરી લાગી'માં ભરપૂર હાસ્ય વર્ષા કરી વાચકને હાસ્યમાં તરબોળ કર્યા છે.

પ્રકરણ ૮ 'લાડકવાયાની લાલચ' માં માનવસહજ નબળાઈનું આલેખન કટાક્ષ હાસ્ય નિપજાવે છે. આ પ્રકરણમાં સર્જકે દાદા બનવાની ખુશીના સમાચારથી કાંતિલાલના બદલાયેલા વ્યવહાર અને વર્તન દ્વારા માનવસહજ સ્વાર્થવૃત્તિને નિર્દિષ્ટ કરી છે. આ પછીના પ્રકરણ નવમાં પણ સર્જકે માનવમનની નબાલાઈઓને વાચા આપી છે.

પ્રકરણ ૧૦ 'રૂપિયા કરતાં વહાલું વ્યાજ' પ્રકરણમાં પુત્રવધૂની ડિલેવરી સમયની કાંતિલાલ અને તેના મિત્રની વ્યથાજનક સ્થિતિ દર્શાવી માણસને રૂપિયા કરતાં વ્યાજ વધુ વહાલું હોય છે કહેવતને સાર્થક કરી છે. સંતાનો કરતાં પણ સંતાનોના સંતાનો માતાપિતાને વધુ વ્હાલા હોય છે એ વાત સર્જકે અહીં માર્મિક રીતે રજૂ કરી છે.

પ્રકરણ ૧૧ 'પ્રસૂતિ એક: પીડા અનેક'માં સર્જકે સ્ત્રીની પ્રસૂતિની પીડાને ઉચિત રીતે રજૂ કરવામાં સફળ રહ્યા છે પરંતુ પ્રકરણ દસ અને અગિયાર બંનેનો અંત સહજ છે એમાં ઉત્સુકતાનું પ્રમાણ નહિવત જણાય છે. પ્રકરણ ૧૨ 'અંતિમ પરીક્ષા' માં સર્જકે ઉચ્ચ પ્રકારના આધ્યાત્મિક ચિંતનને રજૂ કરી લઘુનવલને પૂર્ણ કરી છે.

સંપૂર્ણ હાસ્ય લઘુનવલનું અધ્યયન કરતાં એટલું અવશ્ય કહી શકે કે, ગુજરાતી ભાષામાં હાસ્ય નવલકથા કે લઘુનવલના સર્જક ખૂબ ઓછા મળે છે. એમાં 'ઘર ફૂટે ઘર જાય' હાસ્ય લઘુનવલ જગદીશ ત્રિવેદીની પ્રથમ લઘુનવલ તરીકે એક આશાનું કિરણ બની છે. આ

લઘુનવલ અખબારની લેખમાળામાં પ્રસિદ્ધ થતી હોવાથી કથાના કાળ, વિસ્તાર રસની મર્યાદામાં રહી સર્જક સર્જન કરતાં ગયા છે.

આ હાસ્યકથાનું અધ્યયન પૂર્ણ કર્યા પછી એવું લખી શકાય કે, આ હાસ્યકથા સર્જક માટે સફળકથા સિદ્ધ થઈ છે. સર્જકને જે વાત રજૂ કરવી છે તે સ્પષ્ટ રીતે અને લંબાણ વગર રજૂ કરી છે. અમુક સ્થાને વાતનો વિસ્તાર અને ક્યારેક વાતને અતિશય ટૂંકમાં રજૂ કરવાની ક્ષતિ અનુભવાય છે, પરંતુ એ સ્થાનો બાદ કરતા એકંદરે આ હાસ્ય લઘુનવલ સર્જક જગદીશ ત્રિવેદીની સફળનવલ બની છે. જેમાં દરેક પ્રકરણમાં સર્જકે કોઈ ને કોઈ સામાજિક સંદેશ મૂકી હાસ્ય સાથે વાસ્તવિક સમયના સમાજનું પ્રતિબિંબ મૂક્યું છે.

પ્રસ્તુત પુસ્તકના પાછળના પુંઠા પર જગદીશ ત્રિવેદીએ 'ચાલ્યા ગયા છે' એવા વાક્ય નીચે પોતાનો આગવો અને અનોખો પરિચય સમાજ સમક્ષ રજૂ કર્યો છે એનો એક ફકરો તપાસીએ.

તે ઘણા લાંબા સમયથી અસ્થિર વિચારોને લીધે સરેરાશ માણસોનાં સંસારમાંથી ચાલ્યા ગયા છે. આ માણસે પચીસ વખત પુસ્તક લખવાના ગુના કર્યા છે. ગુજરાતી સાહિત્ય અકાદમીએ આ માણસનાં પુસ્તકને પુરસ્કૃત કરવાની ભૂલ બબ્બે વખત કરી છે તદુપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એને પી.એચ.ડી.ની પદવી આપવાની ભૂલ કરી છે છતાં ગુજરાતી વિદ્યાપીઠ આ માણસને બીજી વખત પી.એચ.ડી.ની ઉપાધિ આપવા જઈ રહી છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભ:**

'ઘર ફૂટે ઘર જાય', જગદીશ ત્રિવેદી, પ્રવીણ પ્રકાશન, ૨૦૦૮

'જીવન અને સાહિત્ય ભાગ-૧', રમણલાલ વ. દેસાઇ, આર. આર. શેઠ કંપની- અમદાવાદ, ૧૯૯૩

'સાહિત્ય અને સમાજ', વિદ્યુત જોષી, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, ૨૦૦૪